सत्यमेव जयते

रेलवे भर्ती बोर्ड | RAILWAY RECRUITMENT BOARD

सीईएन ०१/२०२६ सहायक लोको पायलट (एएलपी) के पद पर भर्ती

CEN 01/2026 Recruitment of Assistant Loco Pilot (ALP)

Test Date	04/11/2026
Test Time	4:00 PM - 5:00 PM
Subject	RRB ALP 2026 CBT 1

*** Note**
Correct Answer will carry 1 mark per Question.
Incorrect Answer will carry 1/3 Negative mark per Question.

1. Options shown in green color with a tick icon are correct.
2. Chosen option on the right of the question indicates the option selected by the candidate.

Section : **RRB ALP**

Q.1 જોની અને બિલીની હાલની ઉંમરનો સરવાળો 65 વર્ષ છે. આજથી ચાર વર્ષ પહેલાં, બિલીની ઉંમર જોનીની તે સમયની ઉંમર કરતાં અડધી હતી. હાલમાં જોનીની ઉંમર (વર્ષોમાં) કેટલી છે?

Ans
- ✔ A. 42
- ✘ B. 50
- ✘ C. 41
- ✘ D. 49

Q.2 $(\sin^4\theta - \cos^4\theta + 1)\sec^2\theta - 2\tan^2\theta$ નું મૂલ્ય શોધો.

Ans
- ✘ A. 2
- ✘ B. 3
- ✘ C. 5
- ✔ D. 0

Q.3 સાત લોકો, R, S, T, U, V, W અને X, ઉત્તર તરફ મુખ કરીને એક સીધી હરોળમાં બેસે છે. R ની ડાબી બાજુએ ફક્ત બે જ લોકો બેસે છે. R અને U ની વચ્ચે ફક્ત 3 જ લોકો બેસે છે. W એ V ની ડાબી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે. V એ R ની તરત જ બાજુમાં બેસતો નથી. T એ S ની જમણી બાજુએ બીજા સ્થાને બેસે છે. તો હરોળના સૌથી ડાબા છેડે કોણ બેસે છે?

Ans
- ✘ A. S
- ✘ B. W
- ✘ C. V
- ✔ D. X

Q.4 એક ડ્રેસ ₹500 માં ખરીદવામાં આવે છે અને 10% ના નુકસાને વેચાય છે. તો વેચાણ કિંમત કેટલી છે?

Ans
- ✘ A. ₹480
- ✘ B. ₹400
- ✔ C. ₹450
- ✘ D. ₹470

Q.5 નીચેના અક્ષરોની શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો.
(ડાબી બાજુ) **P K O C N E Z U L B N U C Z M T U Y B E E S** (જમણી બાજુ)
એવા કેટલા વ્યંજનો છે, જેમાંના દરેકની તરત પહેલા એક વ્યંજન આવે છે અને તરત પછી એક સ્વર પણ આવે છે?

Ans
- ✔ A. 5
- ✘ B. 6
- ✘ C. 7
- ✘ D. 4

Q.6 કયો પ્રયોગ શ્રેષ્ઠ રીતે દર્શાવે છે કે ધ્વનિ તરંગો લંબગત પ્રકૃતિના છે?

Ans
- ✘ A. અરીસા પર પ્રકાશનું પરાવર્તન કરવું અને આપાતકોણ માપવો
- ✘ B. શૃંગ (crests) અને ગર્ત (troughs)નું જોવા માટે પાણીની ટાંકીમાં પાણીના તરંગોનો ઉપયોગ કરવો
- ✘ C. જુદા જુદા સાધનો વડે ધ્વનિની પીચ અને પ્રબળતા (loudness) માપવી
- ✔ D. જ્યારે સંઘનન અને વિઘનન રચાય ત્યારે સ્લિંકી (slinky, સ્પ્રિંગ રમકડું) માં કણોની ગતિનું નિરીક્ષણ કરવું

Q.7 એક યોક્કસ કૂટ ભાષામાં, 'NSCG' ને '86' તરીકે અને 'WEOP' ને '118' તરીકે કૂટબદ્ધ કરવામાં આવે છે. તે ભાષામાં 'QAYL' માટેનો કૂટ (કોડ) શું છે?

Ans
- ✔ A. 110
- ✘ B. 120
- ✘ C. 116
- ✘ D. 113

Q.8 જો **OARFISH** શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોનું સ્થાન યથાવત રહેશે?

Ans
- ✘ A. ત્રણ
- ✘ B. બે
- ✔ C. શૂન્ય
- ✘ D. એક

Q.9 આઠ મિત્રો, **H, I, J, K, L, M, N** અને **O**, એક ગોળાકાર ટેબલની ફરતે કેન્દ્ર તરફ મુખ કરીને બેઠા છે.
L એ **N** ની ડાબી બાજુએ બીજા સ્થાને બેસે છે.
O એ **L** ની ડાબી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે.
K એ **J** ની જમણી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે.
H એ **L** અને **M** ની લગોલગ બાજુમાં બેસે છે.

I ની તુલનામાં **L** નું સ્થાન કયું છે?

Ans
- ✘ A. ડાબી બાજુએ બીજું
- ✘ B. જમણી બાજુએ ત્રીજું
- ✘ C. જમણી બાજુએ ચોથું
- ✔ D. ડાબી બાજુએ ત્રીજું

Q.10 હાઇડ્રાના શરીર પર વારંવાર કોષવિભાજન થવાને કારણે ઉદ્ભવતા નાના ઉપસેલા ભાગને (પ્રવર્ધને) શું કહેવાય છે?

Ans
- ✘ A. ઓફશૂટ (Offshoot)
- ✔ B. કલિકા (Bud)
- ✘ C. બીજાણુ (Spore)
- ✘ D. ગાંઠ (Node)

Q.11 એક યોક્કસ કોડ ભાષામાં, **'wind whistles loud'** ને **'hy gb ec'** તરીકે કોડ કરવામાં આવે છે અને **'dance with wind'** ને **'gb ut rn'** તરીકે કોડ કરવામાં આવે છે. તો આપેલી ભાષામાં **'wind'** માટેનો કોડ શું છે?

Ans
- ✘ A. ut
- ✔ B. gb
- ✘ C. rn
- ✘ D. hy

Blackbook

Q.12 એક નળાકાર સ્તંભનો વ્યાસ 84 cm અને ઊંચાઈ 25 m છે. ₹25 પ્રતિ m^2 ના દરે આ સ્તંભની વક્ર સપાટીને રંગવાનો ખર્ચ શોધો.

(લો $\pi = \frac{22}{7}$)

Ans
- ✔ A. ₹1,650
- ✘ B. ₹1,617
- ✘ C. ₹1,698
- ✘ D. ₹1,618

Q.13 વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવશે?
YXA 65 DCF 75 IHK 85 NMP 95 ?

Ans
- ✘ A. SQT 104
- ✘ B. SST 105
- ✔ C. SRU 105
- ✘ D. SUX 104

Q.14 જો 643217 સંખ્યાના દરેક બેકી અંકમાં 2 ઉમેરવામાં આવે અને દરેક એકી અંકમાંથી 1 બાદ કરવામાં આવે, તો આ રીતે બનતી નવી સંખ્યામાં ડાબી બાજુએથી પહેલા બે અંકો (first two digits)નો સરવાળો કેટલો થશે?

Ans
- ✘ A. 16
- ✘ B. 12
- ✔ C. 14
- ✘ D. 18

Q.15 જો 'A' નો અર્થ '÷', 'B' નો અર્થ '×', 'C' નો અર્થ '+' અને 'D' નો અર્થ '−' થાય, તો નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?
8 B 2 D 14 A 7 C 9 = ? D 3

Ans
- ✔ A. 26
- ✘ B. 28
- ✘ C. 24
- ✘ D. 22

Q.16 જો $33^{0.65} = x$, $33^{0.84} = y$ અને $x^z = y^5$ હોય, તો z નું મૂલ્ય કોની સૌથી નજીક હશે?

Ans
- ✘ A. 9.97
- ✘ B. 8.95
- ✔ C. 6.46
- ✘ D. 4.53

Q.17 એક મધ્યમ વિષમ વિતરણમાં, મધ્યક અને મધ્યસ્થનો ગુણોત્તર 5:4 છે. જો બહુલક એ મધ્યસ્થ કરતાં 8 ઓછી હોય, તો બહુલકનું મૂલ્ય શું હશે?

Ans
- ✘ A. 10
- ✘ B. 12
- ✔ C. 8
- ✘ D. 14

Q.18 જો $a + b + c = 0$ હોય, તો $\frac{a^2}{a^2 - bc} + \frac{b^2}{b^2 - ca} + \frac{c^2}{c^2 - ab}$ નું મૂલ્ય શોધો.

Ans
- ✘ A. 0
- ✔ B. 2
- ✘ C. 4
- ✘ D. 6

blackbook

Q.19 એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્ર. પાંચ મિત્રો - લક્ષ, માયરા, નિવાન, ઓજસ અને પ્રિશા - એક ગોળાકાર ટેબલની ફરતે કેન્દ્ર તરફ મુખ રાખીને બેઠા છે. ઓજસની જમણી બાજુ કોણ બેઠું છે?

I. નિવાન ઓજસની તરત ડાબી બાજુ બેસે છે.
II. લક્ષ નિવાનની તરત ડાબી બાજુ બેસે છે, અને માયરા લક્ષની તરત ડાબી બાજુ બેસે છે.

Ans
✗ A. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ B. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ C. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✓ D. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

Q.20 એક વ્યક્તિએ 3 વર્ષ માટે 10% ના વાર્ષિક સાદા વ્યાજના દરે ₹56,000 નું રોકાણ કર્યું. 3 વર્ષ પછી તેને મળનારી રકમ (₹ માં) શોધો.

Ans
✓ A. 72,800

✗ B. 71,800

✗ C. 73,800

✗ D. 70,800

Q.21 મોટા હોલમાં, ધ્વનિ દિવાલો પરથી વારંવાર પરાવર્તિત થતી હોવાથી તે લાંબો સમય ટકી રહે છે (ધ્વનિની અસર રહે છે). ધ્વનિ-અવશોષક સામગ્રીનો ઉપયોગ કરીને આ સ્થાયી અસર (lasting effect) ઘટાડવામાં આવે છે. આ ઘટનાને શું કહેવામાં આવે છે?

Ans
✗ A. ધોંધાટ

✗ B.
પડઘો

✗ C.
અનુનાદ (Resonance)

✓ D.
અનુરણન (Reverberation)

Q.22 નીચેનામાંથી કઈ સંખ્યા 11 અને 24 બંને વડે વિભાજ્ય છે?

Ans
✗ A. 19640

✓ B. 17688

✗ C. 19408

✗ D. 16811

Q.23 Δ PQR માં, PS એ ∠P નો દ્વિભાજક છે, જે બાજુ QR ને S માં મળે છે. જો PQ = 7.2 cm, QR = 7 cm, અને QS = 3.6 cm હોય, તો PR શોધો.

Ans
✓ A. 6.8 cm

✗ B. 4.6 cm

✗ C. 3.5 cm

✗ D. 5.7 cm

Q.24 25, 40, અને 60 નું ચતુર્થ પ્રમાણપદ શોધો.

Ans
✗ A. 98

✗ B. 86

✓ C. 96

✗ D. 84

Q.25 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે **YWAZ** એ અમુક ચોક્કસ રીતે **WUYX** સાથે સંબંધિત છે. તે જ રીતે, **ECGF** એ **CAED** સાથે સંબંધિત છે. આ સમાન તર્કને અનુસરીને, **VTXW** એ નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

Ans
- ✗ A. TSUA
- ✗ B. TQUU
- ✗ C. TRUU
- ✓ D. TRVU

Q.26 **JUMBLED** શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. આ રીતે બનતા અક્ષરોના નવા જૂથમાં ડાબી બાજુએથી ચોથા સ્થાને અને જમણી બાજુએથી ત્રીજા સ્થાને આવતા અક્ષરોની વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો આવશે?

Ans
- ✗ A. 2
- ✗ B. 4
- ✓ C. 1
- ✗ D. 0

Q.27 જો **READING** શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોનું સ્થાન યથાવત રહેશે?

Ans
- ✗ A. શૂન્ય
- ✓ B. બે
- ✗ C. ત્રણ
- ✗ D. એક

Q.28 એક ક્રિકેટરે તેની દસ મેચમાં **30, 42, 28, 35, 50, 44, 31, 39, 40** અને **41** રન બનાવ્યા. તો મેચ દીઠ તેનો સરેરાશ સ્કોર (રનમાં) કેટલો છે?

Ans
- ✗ A. 40
- ✗ B. 36
- ✗ C. 42
- ✓ D. 38

Q.29 એક નળ એક ટાંકીને 9 કલાકમાં ભરી શકે છે. જ્યારે બીજો નળ તે સંપૂર્ણ ભરેલી ટાંકીને 18 કલાકમાં ખાલી કરી શકે છે. જો શરૂઆતમાં ટાંકી સાવ ખાલી હોય અને બંને નળ એકસાથે ખોલવામાં આવે, તો ટાંકીનો અડધો ભાગ ભરાતા કેટલો સમય (કલાકમાં) લાગશે?

Ans
- ✗ A. 10
- ✗ B. 18
- ✓ C. 9
- ✗ D. 19

Q.30 વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવશે?
CGH 6, ZLE 19, WQB 32, TVY 45, ?

Ans
- ✗ A. PCU 56
- ✗ B. RBV 56
- ✓ C. QAV 58
- ✗ D. QBU 58

Q.31 સાત લોકો, **A, B, C, I, J, K** અને **L** એક હરોળમાં ઉત્તર તરફ મુખ રાખીને બેસે છે.
B અને **A** ની વચ્ચે માત્ર બે લોકો બેસે છે. માત્ર **L** એ **I** ની જમણી બાજુએ બેસે છે. **A** અને **I** ની વચ્ચે માત્ર એક વ્યક્તિ બેસે છે. **K** એ **J** ની જમણી બાજુએ કોઈ એક સ્થાન પર પરંતુ **C** ની ડાબી બાજુએ કોઈ એક સ્થાન પર બેસે છે.
તો **C** અને **J** ની વચ્ચે કેટલા લોકો બેસે છે?

Ans
- ✓ A. બે
- ✗ B. ત્રણ
- ✗ C. એક
- ✗ D. ચાર

blackbook

Q.32 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક યોક્કસ રીતે સમાન છે અને આમ એક જૂથ બનાવે છે. તો કઈ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી? (નોંધઃ અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

Ans
✗ A. ML–IH
✗ B. WV–SR
✓ C. AZ–VX
✗ D. KJ–GF

Q.33 એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
5 લાકડીઓ, F, B, C, Y અને N, દરેકની ઊંચાઈ અલગ અલગ છે, તેમાંથી કઈ લાકડી સૌથી ટૂંકી છે?

વિધાનો:
(I) N એ C કરતા ઊંચી છે
(II) Y એ N કરતા ઊંચી છે. F ફક્ત એક લાકડી કરતા ટૂંકી છે.

Ans
✗ A. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✗ B. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✓ C. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✗ D. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

Q.34 આ પ્રશ્ન નીચે આપેલા શબ્દો પર આધારિત છે.

COG DID LAM JEW

દરેક શબ્દમાં, દરેક સ્વરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત જ પછી આવતા અક્ષરથી બદલવામાં આવે અને દરેક વ્યંજનને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત જ પહેલા આવતા અક્ષરથી બદલવામાં આવે, તો આ રીતે બનેલ કેટલા અક્ષર-સમૂહમાં, કોઈ સ્વર દેખાશે નહીં?

Ans
✗ A. એક
✗ B. બે
✗ C. ચાર
✓ D. ત્રણ

Q.35 એક રોકાણકાર એક સ્કીમમાં ₹15,000 જમા કરાવે છે, જેમાં પ્રથમ વર્ષ માટે 7% ના દરે ચક્રવૃદ્ધિ વ્યાજ અને બીજા વર્ષ માટે 8% ના દરે ચક્રવૃદ્ધિ વ્યાજની ગણતરી વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામતા કરવામાં આવે છે. તો 2 વર્ષના અંતે મળતી કુલ રકમ (₹ માં) શોધો.

Ans
✗ A. 17,520
✗ B. 17,200
✗ C. 17,400
✓ D. 17,334

Q.36 શીની બિંદુ (પોઈન્ટ) A થી ડ્રાઇવ કરવાનું શરૂ કરે છે અને દક્ષિણ તરફ 11 km ડ્રાઇવ કરે છે. પછી તે જમણો વળાંક લે છે, 7 km ડ્રાઇવ કરે છે, જમણે વળે છે અને 13 km ડ્રાઇવ કરે છે. ત્યારબાદ તે જમણો વળાંક લે છે અને 12 km ડ્રાઇવ કરે છે. તે છેલ્લો જમણો વળાંક લઈને 2 km ડ્રાઇવ કરે છે અને પોઈન્ટ P પર રોકાય છે. પોઈન્ટ A પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ઓછું અંતર) અને કઈ દિશામાં ડ્રાઇવ કરવું જોઈએ? (બધા વળાંકો ફક્ત 90 અંશ (ડિગ્રી) ના વળાંકો છે સિવાય કે અન્ય કંઈ ઉલ્લેખિત હોય.)

Ans
✓ A. 5 km પશ્ચિમ તરફ
✗ B. 6 km પશ્ચિમ તરફ
✗ C. 7 km પશ્ચિમ તરફ
✗ D. 4 km પશ્ચિમ તરફ

black

Q.37 રઘુ બિંદુ **A** થી ડ્રાઇવ કરવાનું શરૂ કરે છે અને ઉત્તર તરફ **7 km** વાહન ડ્રાઇવ કરે છે. પછી તે જમણો વળાંક લે છે અને **5 km** વાહન ડ્રાઇવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે અને **9 km** વાહન ડ્રાઇવ કરે છે, અને ફરીથી જમણો વળાંક લે છે અને **8 km** વાહન ડ્રાઇવ કરે છે. તે અંતિમ જમણો વળાંક લે છે અને **16 km** વાહન ડ્રાઇવ કરે છે અને બિંદુ **B** પર અટકે છે. બિંદુ **A** સુધી ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશામાં વાહન ડ્રાઇવ કરવું જોઈએ? (જ્યાર સુધી કહેવામાં ન આવે, ત્યારે સુધી બધા વળાંકો બધા **90**-ડિગ્રીના વળાંકો છે.)

Ans

✗ A. 11 km ઉત્તર

✓ B. 13 km પશ્ચિમ

✗ C. 12 km દક્ષિણ

✗ D. 14 km પૂર્વ

Q.38 છ બોક્સ - **A, B, F, G, H** અને **I** પૈકી દરેકને એકબીજાની ઉપર મૂકવામાં આવ્યા છે, પરંતુ જરૂરી નથી કે તે આ જ ક્રમમાં જ હોય. **F** ને સૌથી નીચેથી બીજા ક્રમે મૂકવામાં આવ્યું છે. **F** અને **I** ની વચ્ચે માત્ર બે બોક્સ મૂકવામાં આવ્યા છે. **H** ને **F** ની નીચેની કોઈ એક જગ્યાએ મૂકવામાં આવ્યું છે. **I** અને **G** ની વચ્ચે માત્ર **A** ને મૂકવામાં આવ્યો છે. **B** અને **H** ની વચ્ચે કેટલા બોક્સ મૂકવામાં આવ્યા છે?

Ans

✗ A. એક

✓ B. ચાર

✗ C. બે

✗ D. ત્રણ

Q.39 નીચેનામાંથી ક્યો ક્રમ જૈવિક વર્ગીકરણમાં સૌથી વ્યાપક (મોટા) થી લઈને સૌથી વિશિષ્ટ (નાના) સુધીનો સાચો પદાનુક્રમિક ક્રમ દર્શાવે છે?

Ans

✗ A. જાતિ (Species), પ્રજાતિ (Genus), કુળ (Family), ગણ (Order), વર્ગ (Class), સમુદાય (Phylum), સૃષ્ટિ (Kingdom)

✗ B. સૃષ્ટિ (Kingdom), સમુદાય (Phylum), વર્ગ (Class), કુળ (Family), ગણ (Order), પ્રજાતિ (Genus), જાતિ (Species)

✗ C. સૃષ્ટિ (Kingdom), વર્ગ (Class), સમુદાય (Phylum), ગણ (Order), કુળ (Family), પ્રજાતિ (Genus), જાતિ (Species)

✓ D. સૃષ્ટિ (Kingdom), સમુદાય (Phylum), વર્ગ (Class), ગણ (Order), કુળ (Family), પ્રજાતિ (Genus), જાતિ (Species)

Q.40 શૃંખલા સમઘટકતામાં, સમઘટકો _____ માં અલગ પડે છે.

Ans

✓ A. કાર્બન માળખાની ગોઠવણી

✗ B. ક્રિયાશીલ સમૂહની સ્થિતિ

✗ C. કાર્બન પરમાણુઓની સંખ્યા

✗ D. ક્રિયાશીલ સમૂહના પ્રકાર

Q.41 સંખ્યાઓના બે ગણ (સેટ) નીચે આપવામાં આવ્યા છે. દરેક સંખ્યાના ગણ (સેટ) માં, પ્રથમ સંખ્યા પર અમુક ચોક્કસ ગાણિતિક ક્રિયા (ઓપરેશન્સ) કરીને બીજી સંખ્યા મેળવવામાં આવે છે, એ જ પ્રમાણે, બીજી સંખ્યા પર ચોક્કસ ગાણિતિક ક્રિયા કરીને ત્રીજી સંખ્યા મેળવવામાં આવે છે અને આ ક્રિયાને છેલ્લી સંખ્યા મળતા સુધી દોહરાવવામાં આવે છે. આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ નીચે આપેલા ગણ (સેટ) ની સમાન ક્રિયાઓનું અનુસરણ કરે છે?
(નોંધ – બે/ત્રણ અંકોની સંખ્યાને સંક્રિયા માટે વ્યક્તિગત અંકોમાં છૂટી પાડી શકાતી નથી. દા. ત. જો **37** પછી **10** આવે, તો સંક્રિયા **3 + 7** ન હોઈ શકે કારણ કે બે અંકોની સંખ્યાને વ્યક્તિગત અંકોમાં છૂટી પાડવાની નથી.)
18 – 23 – 37 – 58 ; 13 – 18 – 32 – 53

Ans

✓ A. 21 – 26 – 40 – 61

✗ B. 15 – 20 – 32 – 53

✗ C. 11 – 16 – 30 – 43

✗ D. 23 – 28 – 42 – 60

Q.42 નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?

37,44,58,79,107, ?

Ans

✗ A. 143

✗ B. 144

✓ C. 142

✗ D. 141

black

Q.43 નાના આંતરડામાં થનાર પાચન પ્રક્રિયામાં પિત્તનો રસ કેવી રીતે મદદ કરે છે?

Ans
- ✔ A. તે ચરબીને નાના ગ્લોબ્યુલ્સમાં ઇમલ્સિફાય (ઘોળીને એકરૂપ) કરે છે
- ✘ B. તે પોષક તત્વોને રક્તવાહિનીઓમાં શોષી લે છે
- ✘ C. તે પ્રોટીનને એમિનો એસિડમાં પાચન કરે છે
- ✘ D. તે પાચન ઉત્સેચકોનો સ્રાવ કરે છે

Q.44 વિકલ્પોમાંથી તે જોડીને પસંદ કરો જે એ જ પેટર્નને અનુસરે છે જે નીચે આપેલી બે જોડીઓ દ્વારા અનુસરવામાં આવે છે. બંને જોડીઓ સમાન પેટર્નને અનુસરે છે.

HDH–JFJ
PLP–RNR

Ans
- ✘ A. UPS–WSW
- ✔ B. UQU–WSW
- ✘ C. UPS–VRV
- ✘ D. UQU–VSV

Q.45 જો કોઈ દુકાનદાર 20% ડિસ્કાઉન્ટ પછી વેચાણ કિંમત ₹600 થી વધારીને ₹750 કરવા માંગે છે, તો છાપેલ કિંમત કેટલા ટકા વધારવી જોઈએ?

Ans
- ✘ A. 12.5%
- ✘ B. 20%
- ✔ C. 25%
- ✘ D. 15%

Q.46 કાર્બનમાં પરસ્પર જોડાઈને લાંબી સાંકળો (શૃંખલાઓ) બનાવવાનો ગુણધર્મ જોવા મળે છે, જેના લીધે સમાન ક્રિયાશીલ સમૂહ ધરાવતી અને જુદી જુદી લંબાઈની કાર્બન શૃંખલાવાળી સજાતીય શ્રેણી ઉદ્ભવે છે. આ ગુણધર્મ _____ કહેવાય છે?

Ans
- ✔ A. શ્રૃંખલન (catenation)
- ✘ B. યોગશીલ (addition)
- ✘ C. વિલોપન (elimination)
- ✘ D. વિસ્થાપન (substitution)

Q.47 એક દુકાનદાર 41 ડઝન વસ્તુઓ ₹600 પ્રતિ ડઝનના ભાવે ખરીદે છે. તે દરેક વસ્તુ ₹55 માં વેચે છે. તો તેની નફાની ટકાવારી કેટલી છે?

Ans
- ✘ A. 11%
- ✘ B. 13%
- ✔ C. 10%
- ✘ D. 9%

Q.48 એક કારના રેડિએટરમાં 47% એન્ટિફ્રીઝનું દ્રાવણ હોવું જોઈએ. એક મોટરચાલક પાસે 28% એન્ટિફ્રીઝ ધરાવતું 15 લિટર દ્રાવણ છે. 47% એન્ટિફ્રીઝનું દ્રાવણ બનાવવા માટે તેણે તેના દ્રાવણમાં 65% એન્ટિફ્રીઝ ધરાવતું કેટલા લિટર (બે દશાંશ સ્થાન સુધી) પ્રવાહી ઉમેરવું જોઈએ?

Ans
- ✘ A. 17.21
- ✘ B. 18.64
- ✔ C. 15.83
- ✘ D. 20.88

Q.49 C, D, E, F, G, X અને Y દરેકનું ઇન્ટરવ્યુ અઠવાડિયાના અલગ અલગ દિવસે હોય છે, જે સોમવારથી શરૂ થાય છે અને તે જ અઠવાડિયાના રવિવારે સમાપ્ત થાય છે. E પછી માત્ર ચાર લોકોનું ઇન્ટરવ્યુ હોય છે. F પછી માત્ર એક વ્યક્તિનું ઇન્ટરવ્યુ હોય છે. E અને G ની વચ્ચે માત્ર ત્રણ લોકોનું ઇન્ટરવ્યુ હોય છે. Y અને X ની વચ્ચે માત્ર એક વ્યક્તિનું ઇન્ટરવ્યુ હોય છે. D નું ઇન્ટરવ્યુ Y ની તરત જ પહેલા હોય છે. તો C અને Y ની વચ્ચે કેટલા લોકોનું ઇન્ટરવ્યુ હોય છે?

Ans
- ✘ A. ચાર
- ✘ B. એક
- ✘ C. ત્રણ
- ✔ D. બે

Black book

Q.50 સાત બોક્સ – C, D, E, F, X, Y અને Z પૈકી દરેકને એકબીજાની ઉપર ગોઠવવામાં આવ્યા છે, પરંતુ તે આ જ ક્રમમાં હોય તે જરૂરી નથી.
માત્ર Z ને D ની ઉપર રાખવામાં આવ્યું છે. D અને C ની વચ્ચે માત્ર બે જ બોક્સ રાખવામાં આવ્યા છે. Y ની નીચે માત્ર X ને રાખવામાં આવ્યું છે. F ને C ની તરત જ ઉપર રાખવામાં આવ્યું નથી.
E અને X ની વચ્ચે કેટલા બોક્સ રાખવામાં આવ્યા છે?

Ans
- ✗ A. ચાર
- ✗ B. ત્રણ
- ✓ C. બે
- ✗ D. એક

Q.51 નીચે આપેલી અક્ષર અને પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબીથી જમણી તરફ જ કરવાની છે.

(ડાબી બાજુ) % M % A I $ G % J * O @ V U $ H # % £ © A & (જમણી બાજુ)

એવા કેટલા પ્રતીકો છે, જેમાંના દરેકની તરત પહેલાં એક અક્ષર આવે છે અને તરત પછી એક પ્રતીક પણ આવે છે?

Ans
- ✗ A. 3
- ✗ B. 0
- ✗ C. 2
- ✓ D. 1

Q.52 જો $12\sin y + \cos y = \sqrt{11}\sin y$ હોય તો, tan y નું મૂલ્ય શોધો.

Ans
- ✓ A. $\frac{-12-\sqrt{11}}{133}$
- ✗ B. $\frac{-12-\sqrt{11}}{138}$
- ✗ C. $\frac{-13-\sqrt{11}}{133}$
- ✗ D. $\frac{-12-\sqrt{11}}{143}$

Q.53 અક્ષય, બાદલ, ક્રિસ, દક્ષ અને એલિઝાબેથ અલગ-અલગ ઊંચાઈ ધરાવે છે. માત્ર ત્રણ જ વ્યક્તિઓની ઊંચાઈ દક્ષ અને ક્રિસની વચ્ચે છે. અક્ષય એ એલિઝાબેથ કરતાં ઊંચો છે પરંતુ બાદલ કરતાં નીચો છે. દક્ષ એ ક્રિસ કરતાં ઊંચો છે. તો કેટલી વ્યક્તિઓ એલિઝાબેથ કરતાં ઊંચી હશે?

Ans
- ✗ A. ચાર
- ✗ B. એક
- ✓ C. ત્રણ
- ✗ D. બે

Q.54 એક રકમ A, B અને C માં 4:5:6 ના ગુણોત્તરમાં વહેંચવામાં આવે છે. જો C ને ₹2,400 મળ્યા હોય, તો B ને કેટલા મળ્યા હશે?

Ans
- ✗ A. ₹2,200
- ✗ B. ₹1,600
- ✓ C. ₹2,000
- ✗ D. ₹1,800

Q.55 એક ચોક્કસ તર્કને અનુસરીને 15 એ 48 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને, 21 એ 66 સાથે સંબંધિત છે. તે સમાન તર્કને અનુસરીને, 28 એ આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પની સાથે સંબંધિત છે? (નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજિત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ (Operations) કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ (Operations) જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં વિભાજિત કરીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

Ans

✗ A. 95

✗ B. 83

✓ C. 87

✗ D. 92

Q.56 એક ડિજિટલ પોલિંગ એજન્સીના અહેવાલ મુજબ, એક નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવાર Xએ કુલ માન્ય મતોના 65% મતો મેળવ્યા, જ્યારે કે ઉમેદવાર Yએ 35% મતો મેળવ્યા. જો કુલ 13,000 માન્ય મતો પડ્યા હોય, તો ઉમેદવાર Xએ ઉમેદવાર Y પર કેટલા મતોથી સરસાઇ મેળવી?

Ans

✓ A. 3900

✗ B. 2600

✗ C. 3500

✗ D. 4200

Q.57 એક ચોક્કસ તર્કને અનુસરીને 17 એ 36 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને, 22 એ 46 સાથે સંબંધિત છે. તો તે સમાન તર્કને અનુસરીને, 25 એ આપેલા વિકલ્પોમાંથી કોની સાથે સંબંધિત છે?

(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજિત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં વિભાજિત કરીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

Ans

✗ A. 56

✗ B. 45

✗ C. 48

✓ D. 52

Q.58 નીચે આપેલી અક્ષર શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો.
(ડાબી બાજુ) **E H K N F D J S V I Z A M O G L W Y Q X U P R B** (જમણી બાજુ)

એવા કેટલા વ્યંજનો છે, જે દરેકની તરત જ પહેલા એક સ્વર આવે છે અને તરત જ પછી એક સ્વર પણ આવે છે?

Ans

✗ A. ત્રણ

✗ B. એક

✓ C. બે

✗ D. એક પણ નહીં

Q.59 જો 'A' નો અર્થ '÷' થાય, 'B' નો અર્થ '×' થાય, 'C' નો અર્થ '+' થાય અને 'D' નો અર્થ '–' થાય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નાર્થ ચિહ્ન (?) ના સ્થાને કઇ સંખ્યા આવશે?

70 C 225 A 5 B 2 D 103 = ?

Ans

✗ A. 55

✗ B. 58

✗ C. 59

✓ D. 57

Q.60 $48.3 - [7 + \frac{1}{7 + \frac{1}{7}}] - [3 + \frac{1}{3 + \frac{1}{3}}]$ નું મૂલ્ય શોધો.

Ans

✗ A. 46.18

✗ B. 38.30

✗ C. 31.75

✓ D. 37.86

Blackbook

Q.61 જો ₹5,000 એક બેંકમાં 1 વર્ષ માટે 6% ના ચક્રવૃદ્ધિ વ્યાજ દરે અર્ધવાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામતામાં મૂકવામાં આવે, તો વર્ષના અંતે કુલ રાશિ કેટલી થશે?

Ans
- ✗ A. ₹5,318.50
- ✗ B. ₹5,360.50
- ✓ C. ₹5,304.50
- ✗ D. ₹5,300.50

Q.62 આ પ્રશ્નમાં, નીચે આપેલા કોડ અને ત્યારબાદની શરતો અનુસાર અક્ષર કોડનો ઉપયોગ કરીને સંખ્યા/પ્રતીકના જૂથને કોડ કરવામાં આવ્યો છે. શરતોને અનુસરતા કોડનું યોગ્ય સંયોજન એ તમારો જવાબ છે. જો કોઈ પણ શરતો અનુસરતી નથી, તો સંબંધિત સંખ્યા/પ્રતીક માટેના કોડ કોષ્ટકમાં આપેલા મુજબ સીધા જ અનુસરવાના છે.

સંખ્યા/પ્રતીક # 6 + 7 5 9 8 $! 3

કોડ P V F Q Y S X W C H

શરતો –
(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક છે અને છેલ્લું ઘટક એક સંખ્યા છે, તો પ્રથમ અને છેલ્લા ઘટકોના કોડની અદલાબદલી કરો.
(ii) જો બીજા અને ત્રીજા ઘટકો એકી સંખ્યાઓ હોય, તો ત્રીજા ઘટકને બીજા ઘટકના કોડ તરીકે કોડ કરો.
(iii) જો ચોથું ઘટક એક પ્રતીક છે અને પાંચમું ઘટક એક સંખ્યા છે, તો બંને ઘટકોને © તરીકે કોડ કરો.

સંખ્યા-પ્રતીકોના નીચેના સમૂહ માટેનો કોડ શું છે?
 # 6 + 7 5

Ans
- ✗ A. PVFQY
- ✓ B. YVFQP
- ✗ C. PYFQY
- ✗ D. MVFQY

Q.63 એક વર્તુળમાં, કેન્દ્રથી 9 cm અંતરે આવેલી એક જીવાની લંબાઈ 80 cm છે. આ વર્તુળનો વ્યાસ શોધો.

Ans
- ✗ A. 85 cm
- ✗ B. 88 cm
- ✓ C. 82 cm
- ✗ D. 86 cm

Q.64 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલા ચાર અક્ષર-સમૂહોમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને આમ એક જૂથ બનાવે છે. તો કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધઃ અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

Ans
- ✓ A. GIM
- ✗ B. ILO
- ✗ C. PSV
- ✗ D. RUX

Q.65 એક નળાકારનું વક્ર પૃષ્ઠફળ અને તેના કુલ પૃષ્ઠફળનો ગુણોત્તર 1 : 2 છે. જો આ લંબ-નળાકારનું કુલ પૃષ્ઠફળ 616 sq. cm હોય, તો તેનું ઘનફળ _____ થાય. ($\pi = \frac{22}{7}$ લો).

Ans
- ✗ A. $1120\ cm^3$
- ✗ B. $1190\ cm^3$
- ✗ C. $1088\ cm^3$
- ✓ D. $1078\ cm^3$

Q.66 આ પ્રશ્ન નીચે આપેલ શબ્દો પર આધારિત છે.

COG LIT HER LET

ઉપર આપેલ દરેક શબ્દમાં, દરેક સ્વરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત પહેલા આવતા અક્ષર વડે બદલવામાં આવે છે અને દરેક વ્યંજનને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત પછી આવતા અક્ષર વડે બદલવામાં આવે છે. આ રીતે બનેલ કેટલા અક્ષરોના સમૂહમાં, કોઈ સ્વર જોવા મળશે નહીં?

Ans

✗ A. બે

✗ B. ચાર

✗ C. ત્રણ

✓ D. એક

Q.67 A, B, J, U, R, E અને S પૈકી દરેકની રજા, સોમવારથી શરૂ થઈ રવિવારે સમાપ્ત થનાર અઠવાડિયામાંના અલગ અલગ દિવસે હોય છે. J પહેલા માત્ર બે લોકોની રજા હોય છે. B પછી માત્ર એક જ વ્યક્તિની રજા હોય છે. J અને R ની વચગાળે માત્ર ત્રણ લોકોની રજા હોય છે. A અને E ની વચગાળે માત્ર એક જ વ્યક્તિની રજા હોય છે. U ની રજા A ની તરત જ પહેલા હોય છે. તો નીચેનામાંથી કોની શુક્રવારે રજા હોય છે?

Ans

✗ A. B

✓ B. S

✗ C. E

✗ D. A

Q.68 1292 m લાંબા એક વર્તુળાકાર માર્ગ પર, સુજાતા અને અંજલિ એક જ બિંદુથી પરંતુ પરસ્પર વિરુદ્ધ દિશામાં અનુક્રમે 3.7 m/s અને X m/sની ઝડપે ચાલવાનું શરૂ કરે છે. તેઓ 136 સેકન્ડ પછી પહેલીવાર એકબીજાને મળશે. તો X નું મૂલ્ય શોધો.

Ans

✗ A. 0.4

✓ B. 5.8

✗ C. 11.3

✗ D. 9.4

Q.69 એક ચોક્કસ કોડ ભાષામાં, 'FROM' ને '6429' તરીકે અને 'FOUR' ને '9324' તરીકે કોડ કરવામાં આવે છે. તો આપેલી કોડ ભાષામાં 'U' માટેનો કોડ શું થશે?

Ans

✗ A. 2

✗ B. 4

✗ C. 6

✓ D. 3

Q.70 એક પ્રયોગ દરમિયાન, એક ભૌતિકશાસ્ત્રી અવલોકન કરે છે કે ચોક્કસ સામગ્રી જ્યારે અથડાવવામાં આવે છે ત્યારે 18 Hz પર વાઇબ્રેટ (કંપન) થાય છે. આ કંપન કયા પ્રકારનો ધ્વનિ ઉત્પન્ન કરે છે અને માનવ કાન દ્વારા તેને કેવી રીતે અનુભવી શકાય?

Ans

✓ A. અશ્રાવ્ય/ઇન્ફ્રાસોનિક; તે મનુષ્યો દ્વારા સાંભળી શકાશે

✗ B. શ્રાવ્ય; તે અનુભવાશે પણ સાંભળી શકાશે નહીં

✗ C. પરાશ્રાવ્ય/અલ્ટ્રાસોનિક; તે નબળું સંભળાશે

✗ D. શ્રાવ્ય; તે સ્પષ્ટપણે સાંભળી શકાશે

Q.71 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ પર આધારિત એક ચોક્કસ તર્ક મુજબ FAME એ NIUM સાથે સંબંધિત છે. તે જ રીતે, LGSK એ TOAS સાથે સંબંધિત છે. તો સમાન તર્કને અનુસરીને, આપેલા વિકલ્પોમાંથી JEQI કોની સાથે સંબંધિત હશે?

Ans

✓ A. RMYQ

✗ B. RMYU

✗ C. REQS

✗ D. RQWE

Q.72 નીચે આપેલ શ્રેણીમાં '?' ના સ્થાને શું આવવું જોઈએ?
61 62 64 68 76 ?

Ans
- ✗ A. 94
- ✗ B. 95
- ✗ C. 90
- ✓ D. 92

Q.73 નીચે આપેલ શ્રેણીમાં '?' ના સ્થાને શું આવવું જોઈએ?

5 18 33 50 69 ?

Ans
- ✗ A. 85
- ✓ B. 90
- ✗ C. 87
- ✗ D. 92

Q.74 આ પ્રશ્ન નીચે આપેલી ત્રણ-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 398 635 586 478 659 (જમણી બાજુ)

(ઉદાહરણ: 697 – પહેલો અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)
નોંધ: બધી સંક્રિયાઓ (ઓપરેશન્સ) ડાબેથી જમણે કરવાની છે.

જો બીજી સૌથી મોટી સંખ્યાના બીજા અંકને સૌથી નાની સંખ્યાના ત્રીજા અંકમાં ઉમેરવામાં આવે તો શું પરિણામ આવશે?

Ans
- ✗ A. 10
- ✗ B. 13
- ✓ C. 11
- ✗ D. 8

Q.75 જો 'A' નો અર્થ '÷' થાય, 'B' નો અર્થ '×' થાય, 'C' નો અર્થ '+' થાય અને 'D' નો અર્થ '−' થાય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નાર્થ ચિહ્ન (?) ના સ્થાને કઈ સંખ્યા આવશે?

210 A 5 C 38 D 19 B 3 = ?

Ans
- ✗ A. 24
- ✗ B. 21
- ✓ C. 23
- ✗ D. 25

Black book